# ધાનેરા સરહદેથી ૪૩ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

વિધાનસભાની પેટા ચૂંટણીઓ સંદર્ભે દારૂનો જથ્થો ઘુસાડાયો હોવાની શંકા : ધાનેરા દારૂની ખેપ માટે ગોલ્ડન કોરીડોર સાબિત થઈ રહ્યું છે



(તસવીર : ભરત પરમાર, ધાનેરા)

ધાનેરા, તા. ૧૩

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા નજીકથી ધાનેરા પોલીસ અને એલસીબી દ્વારા બાતમીના આધારે સંયુક્ત નાઈટ પેટ્રોલીંગમાં એક ટર્બો ટ્રકમાંથી મોટા જથ્થામાં વિદેશી દારૂ ઝડપી પાડ્યો છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર એસ.પી. ડી.બી. વાઘેલાના આદેશથી ડીસા વિધાનસભાની પેટા ચૂંટણીના સંદર્ભે સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું છે. ધાનેરા સરહદી વિસ્તાર હોવાથી રાજસ્થાનથી ગુજરાતમાં અસામાજિક પ્રવૃત્તિઓ સંદર્ભે વિદેશી દારૂની ખેપ મારતી અનેક ગાડીઓ છાશવારે પકડાય છે. ગઈકાલે રાતે નાઈટ પેટ્રોલીંગ દરમ્યાન થરાદના ડીવાયએસપી સાથે ધાનેરાના પોલીસ સબ ઈન્સ્પેક્ટર જે.ડી. સુતરીયા, એલસીબી પીએસઆઈ એ.એચ. ચૌધરી અને તેમની ટીમે નેનાળા બોર્ડર પર સઘન ચેકીંગ હાથ ધર્યુ હતું. આ ચેકીંગ દરમ્યાન એક ટર્બો ટ્રક નં. એચ.આર.૬૯-૭૮૨૩ ના ચાલકે પોલીસના જવાબ આપવામાં ગલ્લાતલ્લા કરતા પોલીસે ટ્રકને કોર્ડન કરી તેની તલાશી લીધી હતી. આ તલાશી દરમ્યાન ટ્રકમાંથી વિદેશી દારૂની ૧૦૩૦ પેટી મળી આવી હતી. જેની આશરે કિંમત રૂપિયા ૪૨,૯૬,૦૦૦ થવા જાય છે.

પોલીસે ટ્રકને જપ્તામાં લઈ ડ્રાઈવર બલવંતસિંઘ જોગીન્દરસિંઘ સંધુ (રહે. ફિરોઝપુર, પંજાબ)ની પ્રોહીબીહેશન ધારા હેઠળ ધરપકડ કરી છે. આટલા મોટા જથ્થામાં વિદેશી દારૂ મળી આવતા પોલીસ પણ અચંબામાં પડી ગઈ છે. જિલ્લાની અમીરગઢ, ધાનેરા, થરાદ તેમજ અંબાજી તરફથી સરહદે વધુ ચેકીંગ હાથ ધરાય તેવી માંગણી લોકોમાં પ્રવર્તી રહી છે. હાલ તો લોકોમાં ધાનેરાએ વિદેશી દારૂના ખેપીયાઓ માટે ગોલ્ડન કોરીડોર સાબિત થઈ રહ્યો છે તેવી ચર્ચાઓએ જોર પકડ્યું છે.

# નરેન્દ્ર મોદીનું રાજ્ય સરકાર દ્વારા ખાસ અભિવાદન કરાશે

બજેટમાં જાહેર કરાયેલી યોજનાની વિગત અપાશે : ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે ખાસ કાર્યક્રમનું આયોજન સરકારની નવી ૧૭ યોજનાઓના અમલની જાહેરાત થશે

ગાંધીનગર, તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમની વર્ષગાંઠ અને ચીનના રાષ્ટ્રપતિ શી જીનપીંગના આગમન નિમિત્તે વડાપ્રધાન બન્યા બાદ પ્રથમવાર ગુજરાત આવી રહ્યા છે ત્યારે રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી આનંદીબેન પટેલના સત્તાકાળમાં રાજ્યમાં જે મહત્વની વિકાસલક્ષી યોજનાઓ ચાલુ નાણાંકીય વર્ષના બજેટમાં જાહેર કરવામાં આવી છે તેમાંની ૧૭ યોજનાઓના અમલની સરકાર દ્વારા જાહેરાત કરાશે.

વર્ષગાંઠા દિવસે ૧૭મી સપ્ટેમ્બરે વહેલી સવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી બાવીસ સેક્ટરમાં રહેતા પોતાના ભાઈના ઘરે પહોંચી ત્યાં તેમની સાથે રહેતા પોતાના માતા હીરાબાના આશીર્વાદ લેશે. ત્યારબાદ સાડા દસ વાગ્યે મહાત્મા મંદિરમાં વડાપ્રધાનનું રાજ્ય સરકાર દ્વારા અભિવાદન કરવામાં આવશે અને એ જ કાર્યક્રમમાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલની નેતાગીરી હેઠળ સરકારની કામગીરીનું પણ પ્રેઝન્ટેશન કરાશે, તેમ સુત્રોએ જણાવ્યું હતું.

બે કલાક સુધી ચાલનારા આ કાર્યક્રમમાં આનંદીબેન સરકારના બજેટમાં જાહેર કરેલી અનેક નવી યોજનાઓના અમલની વડાપ્રધાનની હાજરીમાં જાહેરાત કરવામાં આવશે અને તેના લાભોની વિતરણ પણ કરવામાં આવશે. ઉપરાંત વડાપ્રધાનના હસ્તે રાજ્યના પસંદગીના વિદ્યાર્થીઓને ટેબ્લેટનું પણ વિતરણ કરવામાં આવે તેવી શક્યતા સુત્રોએ જણાવ્યું હતું.

## કઈ-કઈ ખાસ યોજનાના અમલની જાહેરાત થશે....

- મુખ્યમંત્રી મહિલા પાણી સમિતિ પ્રોત્સાહન યોજના
- મુખ્યમંત્રી નિઃશુલ્ક પશુ સારવાર યોજના
- મુખ્યમંત્રી અમૃતમ યોજના(મા)
- એમ્પ્લોયમેન્ટ એક્સ.એક્સ.બ્યુરો - ઈમ્પેક્સ-બી
- વીજ પ્રવહન લાઈનો-૧૦૦ સબ સ્ટેશનો
- લઘુઉદ્યોગ પ્રોત્સાહન યોજના
- દત્તોપંડ ઠેંગડી કારીગર વ્યાજ સહાય યોજના
- ગુજરાત કૃષિ પંચની સ્થાપના
- મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ નિધિ

# ભાદરવી પૂનમે અંબાજીના દર્શને એસટી બસમાં ૩ લાખ મુસાફરોનો ઘટાડો નોંધાયો

## આ વર્ષે કુલ ૧૩ લાખ મુસાફરોએ એસટીની સેવાનો ઉપયોગ કર્યો જેના થકી રૂપિયા ૧.૭૫ કરોડની એસટીને આવક થઈ

પાલનપુર, તા.૧૩

આ વર્ષે ભાદરવી પૂનમે જગ પ્રસિદ્ધ અંબાજીના મેળામાં ભકતોના ધસારાને ધ્યાનમાં રાખીને એસ.ટી. તંત્ર દ્વારા કુલ ૧૨૦૦ બસો ફાળવવામાં આવી હતી. જો કે આ વર્ષે એસ.ટી. તંત્રના કહેવા મુજબ ગત વર્ષ કરતાં ૩ લાખ મુસાફરોનો ઘટાડો નોંધાયો છે.

અંબાજી યાત્રાધામે ભાદરવી પૂનમે ભરાતા મેળામાં માઈ ભકતોની સેવામાં એસ.ટી. તંત્ર દ્વારા ૧૨૦૦ બસો લગાડાઈ હતી. આ બસોની પાલનપુર, મહેસાણા, હિંમતનગર અને અમદાવાદ ડીવીઝનમાંથી વ્યવસ્થા કરાઈ હતી અને જેના થકી એસ.ટી. તંત્રને પોણા બે કરોડ રૂપિયાની આવક થવા પામી હતી. આવર્ષે કુલ ૧૩ લાખ મુસાફરોએ એસ.ટી. બસની સેવાઓનો ઉપયોગ કર્યો હતો. જો કે એસ.ટી. તંત્રના જણાવ્યા અનુસાર આ વર્ષે ૩ લાખ મુસાફરોનો ઘટાડો નોંધાયો હતો. ગત વર્ષની તુલનામાં આ વર્ષે મુસાફરોમાં નોંધાયેલો ઘટાડો વરસાદના કારણે હોઈ શકે તેવું અનુમાન બાંધવામાં આવી રહ્યુ છે. અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા જો કે આ વર્ષે દર્શનાર્થીઓનો જે આંકડો જાહેર કર્યો છે તેના અને એસટી તંત્રના આંકડા વચ્ચે ૧૭ લાખનો તફાવત છે. યાત્રિકો દ્વારા એસ.ટી. સિવાય અન્ય વાહનો અને પગપાળા દર્શન પણ કરવામાં આવે છે.

## રાજ્યમાં પેટાચૂંટણીના મતદાનની સાથે સાથે

- લોકસભાની ત્રણ અને વિધાનસભાની ૩૩ બેઠકોની પેટાચૂંટણી માટ મતદાન પૂર્ણ
- તમામ જગ્યાએ પુરતી સલામતી વ્યવસ્થા ગોઠવવામાં આવી
- સવારે જ કેટલાક મતદાન મથકો પર લાંબી લાઈનો દેખાઈ
- મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા ઉત્સાહિત રહ્યા
- યુપી અને ગુજરાતમાં પેટાચૂંટણી પર તમામની નજર કેન્દ્રિત રહી. અહી સરેરાશ ૫૦ ટકા મતદાન રહ્યું
- બન્ને રાજ્યોમાં તાજેતરમાં ભાજપે જોરદાર સપાટો બોલાવીને ઐતિહાસિક જીત મેળવી હતી
- મોદી સરકાર માટે પેટાચૂંટણી ખુબ ઉપયોગી રહેશે
- કેન્દ્રમાં મોદી સરકાર આવ્યા બાદ દેશમાં ત્રીજી પેટાચૂંટણી યોજાઈ રહી છે

# મોદીના નેતૃત્વમાં ભારત પણ મહાસત્તા બનશે : મુખ્યમંત્રી

ચીનના રાજદૂત લી યુચેંગ મુખ્યમંત્રીને મળ્યા : વાયબ્રન્ટ સમિટ-૨૦૧૫માં ચાઈનીઝ ડેલીગેશન ભાગ લેવા આવે : મુખ્યપ્રધાનનું ચાઈનીઝ રાજદૂતને નિમંત્રણ

ગાંધીનગર, તા.૧૩

મુખ્યમંત્રી આનંદીબેન પટેલની આજે ગાંધીનગરમાં ચાયનાના ભારત સ્થિત રાજદૂત લી યુચેંગે એ સૌજન્ય મુલાકાત લીધી હતી.

લી યુચેંગ ચાયનાના ભારત સ્થિત રાજદૂત તરીકે તાજેતરમાં નિયુક્ત થયા છે અને તેમની ભારતના રાજ્યોમાં સૌ પ્રથમ ગુજરાતની આજની મુખ્યમંત્રીની મુલાકાત હતી. આનંદીબેન પટેલે તેમને ગુજરાતમાં આવકાર્યા હતા અને ચાયનાએ પાછલા ૨૦-૨૫ વર્ષમાં આર્થિક ક્ષેત્રે પ્રગતિના નવા શિખરો સર કરી આર્થિક મહાસત્તાઓમાં સ્થાન મેળવ્યું છે તેની સરાહના કરી હતી. આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ એમ પણ જણાવ્યું કે, ભારત પણ હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કુશાગ્ર નેતૃત્વમાં વિશ્વની આર્થિક મહાસત્તાઓમાં તેનું સ્થાન અંકિત કરવા આગળ વધી રહ્યું છે. મુખ્યમંત્રીએ ગુજરાતમાં અનેક ચાઈનીઝ કંપનીઓ-ઉદ્યોગો સ્થપાયા છે અને અન્ય રાષ્ટ્રોના રોકાણકારો પણ ગુજરાત ભણી મીટ માંડે છે તેના કારણમાં સુશાસન, સુદ્રઢ માળખાગત સુવિધા, વીજલી અને શ્રમશક્તિની સરળ ઉપલબ્ધી તથા પારદર્શક નીતિઓ રહેલી છે તેમ શ્રીયુત યુચેંગે જણાવ્યું હતું. ગુજરાત રોજગાર સંદર્ભમાં અને જીડીપી ગ્રોથ રેઈટમાં પણ અગ્રેસર છે તેની વિગતો તેમણે આપી હતી. આનંદીબેને ગુજરાતમાં ચાઈનીઝ ઉદ્યોગોના વધતા વ્યાપ અનુસંધાને રાજ્યના યુવાનોને ચાઈનીઝ ભાષા શીખવાની તક રાજ્યની યુનિવર્સિટીઓમાં ઉપલબ્ધ કરાવવામાં આવી છે તેની જાણકારી આપતાં ચાયનાએ પણ તેમની બે યુનિવર્સિટીમાં હિન્દી ભાષા શીખવવાનું શરૂ કર્યું તેનો આનંદ વ્યક્ત કર્યો હતો.

# કોંગ્રેસના ૩ ઉમેદવારો સામે આચારસંહિતા ભંગ ફરિયાદ

અમદાવાદ, તા.૧૩

ગુજરાતમાં પેટાચૂંટણી દરમિયાન આજે કોંગ્રેસના ઉમેદવારો સામે આચારસંહિતા ભંગની ફરિયાદ કરવામાં આવી હતી. ભાજપ દ્વારા ફરિયાદ કરવામાં આવ્યા બાદ ચૂંટણી પંચે આની ગંભીર નોંધ લીધી છે. જુદા જુદા મતવિસ્તારમાં કોંગ્રેસના ઉમેદવાર સામે ફરિયાદ કરવામાં આવી છે. આ ફરિયાદો પૈકી આચારસંહિતા ભંગની ફરિયાદ નરેન્દ્ર મોદીના બે વિસ્તારને લઈને પણ થઈ છે. એક બાજુ મોદી જે બેઠકનું પ્રતિનિધિત્વ કરી ચુકયા છે તે મણિનગર વિધાનસભા બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર સામે ફરિયાદ કરવામાં આવી છે. ઉપરાંત કોંગ્રેસના ઉમેદવાર નરેન્દ્ર રાવતે વડોદરા લોકસભા બેઠક પર મતદાન વેળા મતદાન મથક નજીક કોંગ્રેસના ચિન્હ સાથે સેલ્ફી લઈને વિવાદ જગાવ્યો હતો. મોદી જેવી સ્ટાઈલમાં કોંગ્રેસના નેતા નજરે પડ્યા હતા. સેલ્ફી મામલે જિલ્લા ચૂંટણી અધિકારીઓએ તપાસનો આદેશ કર્યા બાદ તપાસ શરૂ કરાઈ હતી. મતદાન શરૂ થયા બાદ નરેન્દ્ર રાવત મતદાન કરવા પહોંચ્યા હતા. ભાજપ પ્રદેશ મીડીયા સેલની યાદી જણાવે છે કે, આજરોજ યોજાયેલી ૯ વિધાનસભા અને વડોદરા લોકસભાની પેટાચૂંટણીના મતદાન દરમ્યાન મણીનગર, આણંદ અને લીમખેડાના કોંગ્રેસના ઉમેદવારો દ્વારા આદર્શ આચારસંહિતાનો ભંગ કરાતાં પ્રદેશ ભાજપના ચૂંટણી લીગલ સેલ દ્વારા તેમના વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરી ગુનો નોંધાવા ચૂંટણીપંચને જણાવ્યું હતું. આજરોજ કોંગ્રેસના મણીનગર ઉમેદવાર જતીન કેલ્લા, આણંદના ઉમેદવાર સોઢા પરમાર કાંતિભાઈ મણીભાઈ તથા લીમખેડાના ઉમેદવાર મેડા છત્રસિંહે કોંગ્રેસના ચૂંટણી ચિહ્નો ખેસ પહેરી મતદાન મથકમાં મતદાન સમયે ઉપસ્થિત રહી નિર્ધારીત ૧૦૦ મીટરની મર્યાદાનો આદર્શ આચારસંહિતાના નિયમનો ભંગ કર્યો છે.

## શબ્દાવલી - ૫૫૦૪

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | ૪ | | ૫ |
| | ■ | ૬ | ૭ | | | ■ | |
| | ■ | ૮ | | ■ | ૯ | ૧૦ | |
| ૧૧ | ૧૨ | | ■ | ૧૩ | | | ■ |
| ■ | | ■ | ૧૪ | | ■ | ૧૫ | ૧૬ |
| ૧૭ | | | ■ | | ■ | ૧૮ | |
| ૧૯ | | ■ | ૨૦ | | ૨૧ | ■ | |
| | ■ | ૨૨ | | ■ | ૨૩ | | |

### આડી ચાવી

૧. અલગ અલગ રહેવું હોય તેવું (૩)
૩. વગ, ઓળખાણ (૪)
૬. ભોળપણ, ... ના હોવી(૪)
૮. એપ્રિલફુલ ડબ્બા.... (૨)
૯. ઇચ્છા, આંકાક્ષા (૩)
૧૧. મોરના માથે... હોય (૩)
૧૩. વેરી, દુશ્મન (૩)
૧૪. પાટુ (૨)
૧૫. ચરણ, ચાલવાની ક્રિયા કરનાર ઇન્દ્રિય (૨)
૧૭. જુદુ (૩)
૧૮. સાધના, યોગ (૨)
૧૯. પગલુ, ડગલુ (૨)
૨૨. વજન (૨)
૨૩. વાઘ પોતાના શિકાર પર... મારે (૩)

### ઊભી ચાવી

૧. મબલક, પુષ્કળ (૪)
૨. ડમરુ (૪)
૩. મોકો (૨)
૪. દુઃખદાયક, કરૂણ (૪)
૫. ગણપતિ (૩)
૭. સંગીતમાં સૂર અને... નો મેળ હોવો જોઇએ (૨)
૧૦. હલકાઇ, લાંછન (૪)
૧૨. એકદમ નજીક (૪)
૧૩. વ્યવસ્થા, જોગવાઇ (૪)
૧૬. વાતો, ગપ્પા મારવા (૪)
૧૭. સ્થિર, અચલ (૩)
૨૦. હૃદય, દિલ (૨)
૨૧. પરીક્ષા, કસોટી (૨)

### શબ્દાવલી ૫૫૦૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) અલંકાર (૪) જડાઉ (૬) રગડવુ (૭) કિરણ (૯) કરા (૧૧) નજરાણુ (૧૩) જખમ (૧૪) ભલીવાર (૧૬) તલ (૧૮) દમન (૧૯) કેક (૨૦) મણ (૨૧) મદ (૨૨) પારો

**ઊભી ચાવી :-** (૧) અલૌકિક (૨) કારણ (૩) રગ (૪) જવું (૫) ઉપરાણું (૮) રમણભમણ (૯) કરામત (૧૧) નજરકેદ (૧૨) જખ (૧૪) લીન (૧૭) લવારો (૧૮) દમ

## ટીમ વડોદરા જશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

થાય નહિ તે માટે આરોગ્ય વિભાગ દ્વારા મેડીકલ ટીમો મોકલવામાં આવી રહી છે અત્યારે વડોદરામાં ૭ જેટલી ટીમો ફરજ બજાવી હી છે.

વડોદરા શહેરમાં સફાઈની કામગીરી માટે પણ અમદાવાદ સુરતથી સફાઈના કર્મચારીઓને મોકલવામાં આવ્યા હતા. ગાંધીનગરની મેડીકલ ટીમો બીજા રાઉન્ડમાં જઈ રહી છે.

પૂરના પાણી ઓસરી જવા પામ્યા છે પરંતુ રોગચાળાની સ્થિતિ ઉભી ના થાય તે માટે આરોગ્ય તંત્ર આગોતરા પગલાં લઈ રહ્યું છે. તંત્ર એ આપેલા નિર્દેશો મુજબ આ ટીમો બપોરે ૧૧ વાગ્યા સુધીમાં વડોદરા પહોંચી જશે. મેડીકલ ટીમમાં ગાંધીનગર, દહેગામ અને કલોલના મેડીકલ ઓફિસરોની પસંદગી કરવામાં આવી છે.

## ૪૯.૧૯ ટકા મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ પેટાચૂંટણીમાં ભાજપે કોંગ્રેસના વડોદરા, આણંદ તથા મણીનગરના ઉમેદવારો વિરૂદ્ધ ચૂંટણી આચારસંહિતાના ભંગ બદલ ચૂંટણીપંચ સમક્ષ વિધિવત રીતે ફરિયાદ નોંધાવી હતી જ્યારે વળતા ઘા રૂપે કોંગ્રેસે પણ ભાજપ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પેટાચૂંટણીના આજે થયેલા મતદાન દરમિયાન કડક વહીવટી કાર્યવાહીના ભાગરૂપે તળાજાની બેઠક પર ફરજ પર સમસ્યા હાજર નહીં થનાર બૂથ લેવલ ઓફિસરને ચૂંટણી પંચે મતદાનની કાર્વયાહીમાંથી સસ્પેન્ડ કર્યા હતા. જ્યાં બીજી તરફ કેટલાંક મતદાન મથકો પર બોગસ મતદાનની પણ ફરિયાદ નોંધાઈ હતી. માતર તાલુકામાં પીજ મતદાન મથક પરથી વિધાનસભા ભાજપના મુખ્ય દંડક પંકજ દેસાઈએ કોંગ્રેસના એજન્ટોને બૂથ બહાર કાઢ્યા હોવાની ફરિયાદ કોંગ્રેસે કરી હતી. જ્યારે વડોદરાના દરીપુરા, સિદ્ધાર્થ બંગ્લોઝ વગેરે વિસ્તારોના મતદારોએ મતદાનનો બહિષ્કાર કર્યો હતો. ગુજરાતમાં કુલ ૧૦ બેઠકો માટે ૨૦૪૫ ઈમારતો કાર્યરત હતી. રાજ્યમાં પેટાચૂંટણી માટે ૩૭૬૬ મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા હતા. રાજ્યમાં કુલ ૭૪૩૨ ઈવીએમનો ઉપયોગ પેટાચૂંટણીને લઈને કરવામાં આવ્યો હતો. બેલેટ યુનિટનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. વડોદરા શહેરના લોકોએ કેટલાક મુદ્દા ઉઠાવીને મતાધિકારનો ઉપયોગ સવારે કર્યો ન હતો.અત્રે ઉલ્લેખનીય છે કે વડોદરામાં તાજેતરમાં પુરની સ્થિતી સર્જાઇ ગઇ હતી. ગુજરાતમાં લોકસભાની વડોદરા બેઠક અને વિધાનસભાની નવ અને લોકસભાની એક બેઠક માટે યોજનાર મતદાનને લઈને તમામ તૈયારી તંત્ર દ્વારા પહેલાથી કરી લેવામાં આવી હતી. કોઈ પણ ગેરરિતી ન થાય અને શાંતિપૂર્ણ મતદાન થાય તે માટે તમામ જરૂરી પગલા લેવામાં આવ્યા હતા.

# મેઘરજના મેવાડા ગામના પાટીયા પાસે બોલેરો પલ્ટી, ૨ના મોત, ૪ ઘાયલ





(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા, તા.૧૩

મેઘરજના મેવાડા પાટીયા પાસે પુરપાટ ઝડપે આવી રહેલી બોલેરો ગાડીનું ટાયર ફાટલા પલ્ટી ખાઈ જવા પામી હતી. જેમાં સવાર બે વ્યકિતના ઘટના સ્થળે મોત થવા પામ્યા હતા અને અન્ય ચાર ઈજાગ્રસ્ત થતા મેઘરજ સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યા છે.

મેઘરજના મેવાડા ગામના પાટીયા પાસે બોલેરો ગાડી પલ્ટી ખાઈ ગઈ હતી. પુરપાટ ઝડપે આવી રહેલ બોલેરો કારનું ટાયર ફાટતા કાર પલ્ટી ખાઈ ગઈ હતી. આ કારમાં ઉત્તર પ્રદેશના યાત્રિકો સવારી કરી રહ્યા હતા. બોલેરો કારમાં સવાર બે વ્યકિતના ઘટના સ્થળે જ મોત થઈ જવા પામ્યા છે. જયારે અન્ય ચાર વ્યકિતઓને ઈજા થતા નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

## સૌથી ઓછુ વાવેતર

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રારંભમાં વરસાદ ખેંચાતા પણ કપાસના પાક માટે એક તબક્કે ખતરો ઉભો થયો હતો. હવે વરસાદ જે રીતે વરસી રહ્યો છે તેને લીધે કપાસ પડી જવાનો ભય તેમજ તેમાં રોગચાળો થવાનો ભયથી ખેડૂતો ચિંતાતુર બન્યા છે.

આ વખતે ખરીફ ઋતુમાં ૧ લાખ ૬૦ હજાર હેક્ટરમાં વાવેતર થવાનો લક્ષ્યાંક હતો તેની સામે માત્ર ૧ લાખ ૨૦ હજાર હેક્ટરમાં વાવેતર થયું છે.

જિલ્લામાં છેલ્લા એક સપ્તાહથી વરસાદી માહોલ છવાયેલો છે અને ખરીફ સિઝનની વાવણીનો અંતિમ તબક્કો છે પણ હવે વાવેતર બહુ થાય તેવી શક્યતાઓ ઓછી છે. આ દસકાનું સૌથી ઓછુ વાવેતર આ ખરીફ ઋતુમાં નોંધાયું છે.

વારંવાર હવામાનમાં આવતા બદલાવને કારણે હવે ખેડૂતો રવિસીઝનમાં સારૂ વાવેતર કરશે તેમ ખેડૂત વર્તુળોનું માનવું છે. જે રીતે હાલ વરસાદ થઈ રહ્યો છે તેના ભેજનો લાભ હવે રવિ ઋતુમાં મળશે.

## પ્રોજેક્ટ હાથ ધરાયો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ખેતી છે અને તેમાંથી થનારી આવક પણ આ સ્વસહાય જૂથો અને પંચાયતને જ પ્રાપ્ત થશે.

ગાંધીનગર જિલ્લામાં બાંબુની ખેતી શક્ય છે કે કેમ તે અંગે ચકાસણી કરવામાં આવી હતી અને નદી કિનારાના ગામોની પસંદગી હાલ કરવામાં આવી છે. આ સૂત્રોએ જણાવ્યું છે કે આ પ્રોજેક્ટ સફળ થયા બાદ અન્ય ગામોમાં પણ તે હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર તાલુકાના દોલારાણા વાસણા ખાતે ૧૩ હજાર જેટલા બાંબુના વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે. આ માટેના વૃક્ષો પણ આવી ગયા છે.

ત્રણેય ગ્રામીણ વિસ્તારમાં આ પ્રોજેક્ટ પાંચ વર્ષ માટે અમલી બનાવવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટને બહાલી આપી દઈ અને અમલમાં પણ મુકી દેવામાં આવ્યો છે.

વાંસની ખેતી માટે પાણીની જરૂરિયાત હોવાથી નદી કિનારાના ગામોને અગ્રતા આપવામાં આવી હતી. ગામોની પસંદગી માટે અધિકારીઓની ટીમે અભ્યાસ પણ કર્યો હોવાનું તંત્રના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થયું છે.

વાંસની ખેતીનો આ પ્રોજેક્ટ ખેડા જિલ્લામાં સફળ રહ્યો હતો. આ પ્રોજેક્ટના અભ્યાસ માટે જિલ્લાની ટીમ ખેડા ગઈ હતી અને સંપૂર્ણ અભ્યાસ કર્યા બાદ તેણે પણ જિલ્લામાં આ ખેતી શક્ય હોવાનું તારણ રજુ કર્યુ હતું જે ઉલ્લેખનીય છે.

ટચૂકડી જાહેર ખબર
હરાજીનો પ્લોટ વેચવાનો છે
ટાઈટલ ક્લીયર, ૨૦૦ ચો.વાર, રોડ ટચ, હોસ્પિટલ, કોમ. કોમ્પલેક્ષ, બિલ્ડીંગ લાયક, દલાલ માફ, માત્ર રસ ધરાવતી પાર્ટીએ સંપર્ક કરવો.
મો. ૯૨૭૫૦ ૩૭૭૫૦

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧